## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




'વૃક્ષોનો ઉપયોગ' એ નિબંધ તારા પબ્લિકેશનનાં કામ કરતા પિતાજીએ લખી આપ્યો લાગે છે... લખ્યું છે કે 'જાહેરાત - ચોંટાડવા માટે...'




## સેક્ટર-૧૫ સરકારી વિનયન કોલેજ ખાતે એનએસયુઆઈ દ્વારા તાળાબંધી કરાતા કોલેજ તંત્ર દ્વારા ટેબલેટ વિતરણ કરાયા

રાજયની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને રાજય સરકાર દ્વારા ટેબલેટ નજીવા દરે આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરની સેકટર-૧૫ સ્થિત કોલેજમાં અભ્યાસ કરતા ભાઈ બહેનોને છેલ્લા ત્રણ માસથી રજુઆત કરવા છતા ટેબલેટ વિતરણ કરવામાં આવ્યા ન હતા. ત્યારે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ દ્વારા આ અંગે કોલેજની તાળા બંધી કરીને આકરા તેવર બતાવતા ટેબલેટનું વિતરણ શરુ કરવામાં આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર કલેકટર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા એન.બી. ગોર અને મુકેશભાઈ શાહ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત થયા છે. જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે તેમને ભાવભીની વિદાય આપી હતી.
- શિક્ષક પ્રોફાઈલ ઓનલાઈન કરવામાં આવતાં જિલ્લામાં ૧૯૯૦થી ૨૦૧૯ સુધીમાં જિલ્લાની ૧૮૪ શિક્ષિકાઓની રજા મંજૂર કરવાની બાકી હોવાની ચોંકાવનારી વિગત બહાર આવતાં તંત્ર દ્વારા આ કામગીરી બે દિવસમાં જ સંપન્ન કરવામાં આવી છે.
- રાજભવન કર્મચારી વસાહતમાં આજે આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- ૧લી ફેબ્રુઆરીથી ૫મી ફેબ્રુઆરી દરમ્યાન મહત્તમ તાપમાન ૨૮ થી ૩૦ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૨ થી ૧૩ ડિગ્રી રહેવાની સંભાવનાની આગાહી કૃષિ યુનિ.એ તેના બુલેટીનમાં કરી છે તેમજ પવનની ગતિ ૧૦ થી ૧૮ કિ.મી. પ્રતિકલાક રહેવાની સંભાવના પણ વ્યક્ત કરી છે.
- રાજ્ય ગૃહમંત્રી પોષણ અભિયાનમાં રોજના એક કાર્યક્રમમાં જ હાજરી આપતા હોવાથી જિલ્લામાં નિરાશાનું મોજુ ફરી વળ્યું છે.
- રાજય સરકારના વન વિભાગ અને યુનાઈટેડ નેશનના સંયુક્ત ઉપક્રમે ૧૫ થી ૨૨ ફેબ્રુઆરી દરમ્યાન ૧૩મી CMS-COP-2020ની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સમિટ મહાત્મા મંદિર ખાતે યોજાશે.

## વાત-વાતમાં.....

- પ્રજાસત્તાક દિને રાજપથ પર યોજાયેલી પરેડમાં જળશક્તિ વિભાગના ટેમ્બોને અજોડ ડિઝાઈન માટે સૌપ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. આ ટેબ્લો પરની ટીમમાં ગાંધીનગરની સમર્પણ કોલેજની એનએસએસ ટીમના વિદ્યાર્થી સ્વયંસેવકોએ પરફોર્મન્સ કર્યુ હતુ.
- શહેરમાં લગ્નસરાની સીઝન પુરબહારમાં ખિલી છે જે અંતર્ગત સેક્ટરોમાં આયોજિત લગ્ન પ્રસંગોમાં રાત્રે યોજાયેલા રાસ-ગરબા દરમ્યાન મોડી રાત્રી સુધી મોટા અવાજે ડીજે સાઉન્ડ વાગતા સાંભળવા મળી રહ્યા છે. માર્ચ માસમાં દસમાં-બારમાના બોર્ડની પરીક્ષાઓ આવી રહી છે તેવા ટાણે આ પ્રકારે મોડી રાત્રી સુધી ચાલતા ડીજે સાઉન્ડ વિદ્યાર્થીઓના અભ્યાસને ખલેલ પહોંચાડી રહ્યો હોવાની રાવ ઉઠી રહી છે.

# બોરુ પાસેથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

ગાંધીનગર, તા.૩૧

ગોઝારીયા થી ઘેધુ તરફના માર્ગ પર બોરૂ પાસેથી વિદેશી દારૂ ભરેલી ટ્રક એલસીબી પોલીસે ઝડપી પાડી છે. પોલીસે ટ્રકમાં તપાસ કરતા વુકી ટોઈલેટ બાઉલ લખેલા બોક્ષમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે ૫૦૪૦ બોટલ દારૂ કિં.રૂ.૧૫.૧૨ લાખ, મોબાઈલ, ટ્રક મળીને કુલ રૂ.૨૫.૧૭ લાખનો મુદામાલ કબ્જે કરી એક વ્યકિતને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીએસઆઈ વી.બી.વર્મા માણસા પંથકમાં ટીમના જવાનો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ રાજવીરસિંહ તેજમ વિજયસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે ગોઝારીયા તરફથી બોરૂ ચોકડી તરફ આવી રહેલી એક ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. જેને પગલે એલસીબી પોલીસે વોચ ગોઠવી બાતમીવાળી ટ્રક રાત્રીના સાડાત્રણ વાગે દેખાતા તેને પકડી પાડી હતી. ટ્રક નં. એમ.એચ.૦૪.જે.કે.-૫૨૮૦ અંદર પોલીસે તપાસ કરતા ટોઈલેટ બાઉલની પાછળ સંતાડેલ વિદેશી દારુની ૪૨૦ પેટીઓ મળી આવી હતી. પોલીસે ટ્રક ચાલકનું નામ પુછતા તે હરીયાણાનો સંજય દેવીસિંગ તવર (રહે, કેરુ, ભીવાની) હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે ૧૫.૧૨ લાખની કિંમતની ૫૦૪૦ વિદેશી દારુની બોટલ, રૂ.૧૦ લાખનો ટ્રક, અને મોબાઈલ મળી કુલ રૂ.૨૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂના જથ્થા અંગે પોલીસે ચાલકને પુછતા તેણે જણાવ્યું હતું કે હરીયાણાના સોનીપત ખાતે રહેતા સુનિલે દારૂ ભરીને કલોલના છત્રાલ ખાતે રહેતા ઓમપ્રકાશ ઉર્ફે પકીયો બાબુલાલ બિશ્નોઈને આપવાનું કહ્યું હતું. એલસીબી પોલીસે ત્રણેય સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## છાલા ગામનો હરમીત પટેલ જુડો ટેક વોન ડૉ ઈવેન્ટમાં ગોલ્ડમેડલ વિજેતા બન્યો

ચિલોડા, તા. ૩૧

મહારાષ્ટ્ર મુંબઈ ખાતે ઈન્ટરનેશનલ જુડો ટેક વોન ડૉ. ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં ગાંધીનગર તાલુકાના છાલા ગામનો હરમીતકુમારને છેલ્લા પાંચેક વર્ષથી પોતાના બંને બાળકોને કરાટે અને જુડોની વિવિધ સ્પર્ધાઓ માટે તાલીમ અપાવવા છાલાથી ગાંધીનગર નિયમિત પ્રેક્ટીસ માટે



ખેલાડી નામે હરમીત રાજેન્દ્રકુમાર પટેલ ગોલ્ડમેડલ તથા બ્રોન્ઝ મેડલ એમ બે મેડલ જીત્યા બદલ ગામનુ અને જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. ગોલ્ડમેડાલીસ્ટ હરમીતના પિતા રાજેન્દ્રભાઈ પટેલ ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સાંકળાયેલા ખેડૂતનો પુત્ર લઈ જઈ સજાગ અને સક્રિય વાલીની ફરજ બજાવી ગોલ્ડમેડાલીસ્ટ તરીકે હરમીતકુમારની જવલંત સફળતા મેળવવામાં સગભાગી બન્યા છે. ખેલકુદની રમતોત્સવમાં બંને બાળકો ગામ અને જિલ્લાનુ ગૌરવ વધે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી.



જાહેરમાં કચરો નહીં સળગાવવાનું ફરમાન હોવા છતાં સફાઈ કર્મીઓને આ વાત જાણે સમજાતી જ નથી. સેકટર-૧૬માં અવારનવાર જાહેરમાં કચરો સળગાવવામાં આવતા ખુબ પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે.

# વિહાર ચાર રસ્તા ખાતે બીજીએ શ્રી પંદર ગામ રાજપૂત સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

### સમાજના પ્રથમ સર્જન ડોક્ટર સ્નેહા રાજપૂત વિદ્યાર્થીઓ અને યુવાનોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપશે

આગામી ૨ ફેબ્રુઆરી રવિવારના રોજ માણસા તાલુકાના વિહાર ચાર રસ્તા રાજપૂત સમાજની વાડીમાં શ્રી પંદર ગામ રાજપૂત સમાજનો ૨૩મો સમુહ લગ્નોત્સવ યોજાશે. આ પ્રસંગે ૩૨ નવ યુગલો ગૃહસ્થાશ્રમમાં ચરણ માંડશે. સમાજના અગ્રણીઓ અને યુવાનો દ્વારા સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરી તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આ પ્રસંગે શ્રી હનુમાનજી મંદિર વિહારના પૂજ્ય મહંતશ્રી પરમેશ્વરદાસજી નવ યુગલોને આશીર્વચન પાઠવશે. ગુજરાત ક્ષત્રિય સભાના અધ્યક્ષ અર્જુનસિંહજી ભાટી, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય સી.જે. ચાવડા, પૂર્વમંત્રી ઈશ્વરસિંહ ચાવડા સહીત ધારાસભ્યો, સમાજના દાતાઓ, અગ્રણીઓ, ઉદ્યોગરપતિઓ, વિશાળ સંખ્યામાં સમાજના વડીલો, ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે સમારોહના વિશેષ અતિથિ અને શ્રી પંદર ગામ રાજપૂત સમાજના દિકરી ડોક્ટર સ્નેહાબા રાજપૂત વિદ્યાર્થીઓ અને યુવાનોને ઉજ્જવળ કારકિર્દી બનાવવા અને પ્રગતિ કરવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપશે. ડોક્ટર સ્નેહાબા રાજપૂત સમાજના પ્રથમ સર્જન ડોક્ટર બની સમાજનું અને દિકરીઓનું ગૌરવ વધાર્યુ છે. તેઓ એમ.એસ. (ઈએનટી) તરીકે મહેસાણા, સિવિલ હોસ્પિટલ ખાતે સેવાઓ આપે છે.

# અમિયાપુર પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા અમીયાપુર પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર ત્રણ યુવાનો માર્ગ પર પટકાયા હતા. ત્રણેય યુવાનોને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. ત્યારબાદ એક યુવાનનો વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયો હતો. જયા સારવાર દરમિયાન સવારે ૬ વાગે યુવાનનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે બાઈક ચાલક યુવાને અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચાંદખેડા ખાતે રહેતા કેતન મફતલાલ ડાંગી પોતાના બાઈક પર બે મિત્રો પ્રશાંત ઠાકોર અને જગદીશ પાટીલ સાથે અમીયાપુરથી અમદાવાદ તરફ આવી રહ્યા હતા. તે સમયે સાંજના સુમારે તા.૨૯ ના રોજ ગામથી બહાર નીકળતા જ માર્ગ ક્રોસ કરતા સમયે જ જી.જે.૦૨.બી.પી. ૨૭૫૧ કારના ચાલકે કાર ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારી હતી. જેમાં બાઈક પર સવાર ત્રણેય યુવાનો નીચે પટકાયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને ૧૦૮ ની મદદથી ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જેમાં માથામાં ગંબીર ઈજાઓને પગલે જગદીશને વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયો હતો. જયાં સારવાર દરમિયાન સવારના સુમારે આશાસ્પદ યુવાનનું મૃત્યું નિપજયું હતું. જેથી કેતન ડાંગીએ અડાલજ પોલીસ મથકે કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



તાજેતરમાં યોજાયેલી બ્રાહ્મણ બીઝનેસ સમિટનું સફળ આયોજન કરવા બદલ મોઢ ચતુર્વેદીય બ્રાહ્મણ સમાજ દ્વારા સમિટના મહામંત્રી તથા કન્વીનર યજ્ઞેશભાઈ છે, મુખ્ય સંગઠક કમલેશભાઈ વ્યાસ, ઉપપ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદી, સંગઠનમંત્રી રાજુભાઈ વ્યાસ તથા યુવા સંગઠન મંત્રી દિવ્યભાઈ ત્રિવેદીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોઢ ચતુર્વેદીય સમાજના રમેશભાઈ, મનુભાઈ, જગદીશભાઈ જાની, દિલીપભાઈ પાઠક સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલોલના આમજા ગામે ગુજરાત પોષણ અભિયાન યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

હવે ગુજરાતની ઓળખ સ્માર્ટ વિલેજ કે સ્માર્ટ સ્કૂલ નહિ, પણ સ્માર્ટ બાળક અને સ્વસ્થ બાળક એ ગુજરાતની ઓળખ બને તેવો દ્રઢ નિર્ધાર રાજય સરકારે કર્યો છે. આ ઉમદા ઉદ્દેશને સાર્થક કરવા માટે સમગ્ર સરકારને પોષણ અભિયાન સાથે જોડીને કુપોષણ સામેનો જંગ રાજયમાં શરૂ કરવામાં આવ્યો છે. તેવું આજરોજ કલોલ તાલુકાના આમજા ગામ ખાતે યોજાયેલ ગુજરાત પોષણ અભિયાન કાર્યક્રમમાં ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

જિલ્લા પંચાયતની સોજા સીટમાં સમાવેશ આમજા ગામ ખાતે ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦-૨૨નો આરંભ કરાવીને ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતુ કે, રાજયના મુખ્યમંત્રીના સંવેદનશીલ એજન્ડામાં આગામી દિવસમાં ગુજરાતનું એક પણ બાળક કુપોષિત ન રહે તેવો છે. ગુજરાતના ભાવિને ઉજ્જવલ અને ચેતનવંતુ બનાવવા સમગ્ર રાજયમાં એક હજાર જેટલા સ્થળોએ આ ત્રિદિવસીય પોષણ અભિયાન યોજવામાં આવનાર છે. ત્રણ વર્ષ સુધી સતત આ અભિયાન ચાલું રાખીને ગુજરાતને કુપોષણ મુક્ત રાજય બનાવવાનું છે.

રાજય સરકારના આ ઉમદા અભિગમને સફળ બનાવવા માટે પ્રજાનો સાથ-સહકાર ખૂબ જ જરૂરી છે, તેવું કહી મંત્રીએ જણાવ્યું હતુ કે, આ અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરવા માટે સમાજ-ગામના અગ્રણીઓ અને સંવેદનશીલ નાગરિકોને પાલક વાલી બનાવીને જોડવામાં આવ્યા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતને કુપોષણ મુક્ત બનાવવું ખૂબ જરૂરી છે, તેવું કહી સર્વે રાજકીય, સામાજિક, ધાર્મિક અને ગામના અગ્રણીઓને કુપોષિત એક બાળકના પાલક વાલી બનાવાનો અનુરોધ પણ કર્યો હતો.






વડોદરા વાસ્તવિક ઓડિટોરીયમ ખાતે વોઈસ ઓફ વડોદરા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં માનવ કલ્યાણ સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ એફ.ટી. પઠાણ તથા મેનેજીંગ ટ્રસ્ટી યુસુફખાન જે. પઠાણને સોશિયલ કામગીરી કરવા બદલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે ગાંધી નિર્વાણદિન ઉજવાયો

મહાત્મા ગાંધીજીએ ૧૯૨૦માં સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં ગાંધી નિર્વાણ દિનની ઉજવણી કરવામાં આવી. ૧૬૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મહાત્મા ઉપાસના મંદિરમાં પાંચ મિનિટ મૌન પાળ્યુ. સંસ્થાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે મોહનદાસ



કરમચંદ ગાંધીની બાલ્યાવસ્થાથી યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા સુધીના જુદા જુદા જીવનકવન પ્રસંગો ટાંકી રાષ્ટ્રની આઝાદી અને દુનિયાને શાંતિ સત્ય, અહિંસાના પાઠોને યાદ કરાવ્યા. મુખ્ય ગ્રંથપાલ જગદીશ પરીખે સંગીત ટુકડી સાથે રહી ગાંધી પ્રિય ભજનો-ગીતો ગાયા હતા. વિશાલ માંગરોલિયાએ સાબરમતી કે સંત દસ્તાવેજી ચિત્ર બતાવ્યુ હતુ.

## ગાંધીનગર જિલ્લાના ખેડૂતો જોગ

રાજ્ય સરકાર દ્વારા ચાલું નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ અંતર્ગત ખેડૂતોને વિવિધ સહાયલક્ષી લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે ગાંધીનગર જિલ્લામાં યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોએ i-khedut protal (web site : www. ikhedut. gujarat.gov.in) માં ઓનલાઈન અરજી કરેલ હોય અને અત્રેની કચેરીએથી પૂર્વમંજુરી આપવામાં આવેલ હોય તેવા બાગાયતદાર ખેડુતોએ સત્વરે કામગીરી પૂર્ણ કરી ખર્ચના અસલ બીલો તથા જરૂરી સાધનીક કાગળો અત્રેની કચેરીમાં તા ૧૫-૨-૨૦૨૦ સુધીમાં તાત્કાલિક જમા કરાવવા રેહશે. જેથી સહાયના નાણા ચુકવવા અંગેની કામગીરી નિયત સમય મર્યાદામાં થઈ શકે, અન્યથા તા. ૩૧-૦૩-૨૦૨૦ ના રોજ તમામ બાકી રહેલ અરજીઓ રદ થઈ જશે જેની સર્વે અરજદાર ખેડૂતો એ નોંધ લેવી. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન નં-૦૭૯-૨૩૨૫૭૭૬૦ તથા e-mail : dydir-bag-gnr@gujarat.gov.in પર સંપર્ક કરવો.

# બોરીજ ગામે જુગાર રમતા બે શકુની ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા બોરીજ ગામે જાહેરમાં જુગાર રમતા બે શકુનીઓને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા છે. સેકટર-૨૧ પોલીસે બોરીજ જૈન દેરાસરવાળા પરામાં આવેલી રતન ટેકરી ખાતે બે શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રતન ટેકરી ખાતે રેઈડ કરીને જુગાર રમી રહેલા દિપેન્દ્ર લક્ષ્મણભાઈ કુશવાહ (ઉં.વ.૩૨) તેમજ સેકટર-૧૫ ખાતે રહેતા ચુન્નુ કામ કિશન શાકય (ઉં.વ.૨૭)ને પકડી પાડ્યા હતા. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૬૧૦૦ તેમજ બે મોબાઈલ ફોન મળી ને કુલ રૂ.૯૧૦૦ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સેકટર-૨૧ પોલીસે બે શખ્સો સામે જુગારધારે હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**CHILDREN'S UNIVERSITY**

(Established by Government of Gujarat)
Subhash Chandra Bose Shikshan Sankul,
Near Chh-5, Children's University Circle,
Sector-20, Gandhinagar-382021 (Gujarat)
Phone : 079-23244576, 22569, Website : www.cugujarat.ac.in

**TENDER NO : 01/2020**

Children's University, Gandhinagar invite online proposal from Govt. registered firm / contractor for SUPPLY & INSTALLATION OF OFFICE FURNITURE ITEMS ALONG WITH OTHER INTERIOR & RENOVATION WORKS at children's university campus, Sector-20, Gandhinagar.

| | |
|---|---|
| Online submission of Bids | 01.02.2020 to 12.02.2020 up to 18:00 Hrs. |
| Document download end Date | 12.02.2020 up to 18:00 Hrs. |
| Due Date for Submission of bid | 12.02.2020 up to 18:00 Hrs. |
| Due Date for submission of Bid, document fee & supporting document in physical form | On or before 11.02.2020 up to 18:00 Hrs. |
| Pre-bid meeting | 07.02.2020 at 12:00 Hrs. at Children's University, Sector-20, Gandhinagar |
| Online opening of Bid | 14.02.2020 at 13:00 Hrs. |

For more details please visit web site : **www.nprocure.com**

**Registrar**
Children's University
Sector-20, Gandhinagar, Gujarat

INK/2186/19-20